# 11. Clarification regarding Sub-sections (4) and (5) of Section-5 of the RTI Act, 2005.

**આર.ટી.આઈ. મેટર.**

ક્રમાંક: આરટીઆઈ-૨૦૦૭-૪૫૭૨૯૭(ભા.સ.)-આરટીઆઈ સેલ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૧-૯-૨૦૦૮.

પ્રતિ,

૧. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
૨. અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.
૩. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
૪. સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૮ ગાંધીનગર.
૫. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
૬. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
૭. રજીસ્ટ્રારશ્રી, ગુજારત હાઈકોર્ટ, અમદાવાદ.
૮. સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
૯. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
૧૦. સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
૧૧. ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ.
૧૨. સર્વે જિલ્લા કલેક્ટરશ્રી.
૧૩. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.

**વિષય :** Clarification regarding Sub-sections (4) and (5) of Section-5 of the RTI Act, 2005.

શ્રીમાન/મહોદયા,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આર.ટી.આઈ. એકટની કલમ-૫ ની પેટા કલમ (૪) અને (૫)માં "જાહેર સત્તામંડળોની જવાબદારીઓ"ની બાબતનો ઉલ્લેખ કરાયો છે. તે બાબતે જરૂરી સ્પષ્ટતા કરી આ અંગેની સુચનાઓ ભારત સરકારશ્રીના મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લિક ગ્રિવન્સીસ એન્ડ પેન્શન્શના તા. ૨૮-૭-૨૦૦૮ ના ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંક : [illegible] આપવામાં આવેલ છે. જેની અંગ્રેજી/હિન્દી અનુવાદની નકલ આ સાથે સામેલ રાખેલ છે. આ સુચનાઓનો સારાંશ નીચે મુજબ છે.

(૧) માહિતી અધિકાર અધિનિયમ નીચેની અરજીઓ પરત્વે માહિતી આપવા/નહી આપવા અંગેનો નિર્ણય સંબંધિત જાહેર માહિતી અધિકારીએ જ લેવો જોઈએ અને તેમની સહીથી જ અરજદાર નાગરિકને યોગ્ય તે જાણ કરવાની રહે છે.

(૨) કાયદાની કલમ - ૬ (૩) મુજબ બીજા જાહેર સત્તામંડળને અરજી તબદીલ કરવાની રહેતી હોય તે સિવાય જે તે સંબંધિત જાહેર માહિતી અધિકારી આવી અરજી તાબાના અધિકારી/નીચેના સ્ટાફને મોકલી આપીને આ અંગેનો જે તે જવાબ સીધે સીધો અરજદારને તેમની સહીથી આપવાની સુચના આપી શકે નહી.

ઉકત સુચનાઓ ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

૨. સદરહુ સુચનાઓની જાણ આપના વિભાગના વહીવટી હકુમતમાંના સર્વે ખાતાના વડાઓ//જિલ્લા/તાલુકા/ગ્રામ કક્ષાની કચેરીઓ/બોર્ડ/નિગમ વગેરે સહિતના સર્વે જાહેર સત્તામંડળો/જાહેર માહિતી અધિકારીઓ/એપેલેટ અધિકારીઓના ધ્યાન ઉપર પણ અચૂક લાવવા વિનતી છે.

આપનો વિશ્વાસુ,
**સી. એસ. ઉપાધ્યાય,**
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.

**બિડાણ :** ઉપર મુજબ.

**નકલ રવાના :-**

૧. નાયબ સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

૨. નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

૩. સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.

૪. વેબ માસ્ટરશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર, આ સુચનાઓ જી-સ્વાન ઉપર આર.ટી.આઇ. લિન્ક ઉપર મુકવા વિનંતી છે.

૫. નાં. સે. અધિકારી સિલેક્ટ ફાઇલ.

૬. શાખા સિલેક્ટ ફાઇલ.